प्रेस प्रकाशनी PRESS RELEASE

भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA

वेबसाइट : www.rbi.org.in/hindi
Website : www.rbi.org.in
ई-मेल/email : helpdoc@rbi.org.in

संचार विभाग, केंद्रीय कार्यालय, शहीद भगत सिंह मार्ग, फोर्ट, मुंबई - 400 001
Department of Communication, Central Office, Shahid Bhagat Singh Marg, Fort, Mumbai - 400 001 फोन/Phone: 022 - 2266 0502

18 નવેમ્બર 2024

## ભારતીય રિઝર્વ બેંકે એમ.એસ. કો-ઑપરેટીવ બેંક લિમિટેડ, વડોદરા, ગુજરાત પર લાદેલો નાણાકીય દંડ

ભારતીય રિઝર્વ બેંકે તારીખ નવેમ્બર 12, 2024ના આદેશ દ્વારા, એમ.એસ. કો-ઑપરેટીવ બેંક લિમિટેડ, વડોદરા, ગુજરાત (બેંક) પર 'થાપણો પર વ્યાજનો દર' અને 'આપના ગ્રાહકને ઓળખો (કેવાયસી) ' પર ભારતીય રિઝર્વ બેંક દ્વારા જારી કરવામાં આવેલા નિર્દેશોના ઉલ્લંઘન બદલ ₹1.50 લાખ (રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા)નો નાણાકીય દંડ લાદેલ છે. આ દંડ ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંકિંગ વિનિયમન અધિનિયમ, 1949ની કલમ 46 (4)(ટ) અને કલમ 56ની સાથે કલમ 47એ (1) (ગ)ને વાંચતા, તે અંતર્ગત ભારતીય રિઝર્વ બેંકને પ્રાપ્ત થતી સત્તાનો ઉપયોગ કરીને લગાવ્યો છે.

માર્ચ 31, 2023ના રોજ બેંકની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંકનું વૈધાનિક નિરીક્ષણ (statutory inspection) કરવામાં આવ્યું હતું. ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશોના અનનુપાલન અને તે સંબંધિત પત્રવ્યવહારના અંગેના પર્યવેક્ષણીય તારણોના આધારે બેંકને એક નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં બેંકને તેમાં જણાવેલા નિર્દેશોનું અનુપાલન કરવાની તેની નિષ્ફળતા બદલ તેની પર દંડ શા માટે ન લાદવો, તે અંગે કારણ દર્શાવવા માટે જણાવવામાં આવ્યું હતું. બેંક દ્વારા આપવામાં આવેલા નોટિસના પ્રત્યુત્તર અને વ્યક્તિગત સુનાવણી દરમિયાન કરવામાં આવેલી મૌખિક રજૂઆતોને ધ્યાનમાં લીધા બાદ, ભારતીય રિઝર્વ બેંકને જાણવામાં આવ્યું કે અન્ય બાબતોની સાથે બેંક વિરુદ્ધના નીચેના આરોપો સાબિત થયા છે અને નાણાકીય દંડ લાદવો આવશ્યક છે.

બેંક નીચેની બાબતોમાં નિષ્ફળ પૂરવાર થઈ હતી:

i (ક) પરિપકવતા બાદ જે અદાવી રહી હોય તેવી મુદતી થાપણો પર સમાપ્તિની તારીખથી ચૂકવણીની તારીખ સુધી, (ખ) રવિવારે/રજાના દિવસોએ/બિન-કારોબારના કામના દિવસોએ પાકતી મુદતી થાપણો જેની ચૂકવણી તે પછીના દિવસે કરવામાં આવી હોય તેવા કિસ્સામાં, અને (ગ) કેટલાક મૃત વ્યક્તિગત થાપણદારો / એકાંકી વ્યાપારી પેઢીઓના ચાલુ ખાતામાં રહેલી બાકી રકમ પર તેઓના મૃત્યુની તારીખથી તેમના દાવેદારોને કરવામાં આવેલી ચૂકવણીની તારીખ સુધી લાગૂ પડતું વ્યાજ ચૂકવવામાં.

ii કેટલાક અધિક જોખમવાળા ગ્રાહકોના કેવાયસીનું મુદતી અદ્યતનીકરણ કરવામાં.

આ કાર્યવાહી વિનિયામક અનુપાલનમાં ત્રુટિઓ પર આધારિત છે અને તેનો ઉદ્દેશ ઉક્ત બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈ પણ લેણદેણ યા કરારની વૈધતા પર સવાલ કરવાનો નથી. વધુમાં, બેંક પર લાદવામાં આવેલો આ નાણાકીય દંડ, ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંકની વિરુદ્ધ લેવામાં આવી શકે તેવા કોઈપણ બીજા પગલાને બાધ નથી કરતો.

**(પુનીત પંચોલી)**
**મુખ્ય મહાપ્રબંધક**

**પ્રેસ જાહેરાત: 2024-2025/1530**